**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર**
**નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**
**કેંદ્ર પુરસ્કૃત યોજનાઓના અમલ બાબત**

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની કેંદ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (**https://www.digitalgujarat.gov.in**) કરવામાં આવે છે.

1. **Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) (With FreeshipCard & Without FreeshipCard Both)**
2. **Pre Matric Scholarship for SC Students (Std: 9 & 10) (BCK-35)**
3. **Pre. Matric Scholarship to the children whose parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4)**

ઉપર મુજબની યોજનાઓ અંતર્ગત વર્ષ: ૨૦૨૨-૨૩થી કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓનું **National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/)** પર રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ **NSP** પોર્ટલ (**https://scholarships.gov.in/**) પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઇ શકશે. **National Scholarship Portal** પોર્ટલ પર વર્ષ:૨૦૨૨-૨૩નુ રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે.

ઉક્ત યોજનાઓ પૈકી ક્રમનં:૧ પરની યોજના અંતર્ગત **National Scholarship Portal (NSP)** પર વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે જ્યારે ક્રમનં:૨ તથા ક્રમનં:૩ પરની યોજનાઓની તમામ કામગીરી શાળાના આચાર્યશ્રી મારફત કરવામાં આવતી હોય તે યોજના અંતર્ગત **National Scholarship Portal (NSP)** પર પાત્રતા ધરવતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન જે તે શાળાના આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

- **National Scholarship Portal (https://scholarships.gov.in/)** પર રજીસ્ટ્રેશન કરવાની પધ્ધતિ:

➔ કેંદ્ર સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાની વેબસાઇટ: **https://scholarships.gov.in** ઓપન કરી **"New Registration"** પર કલીક કરવું.

➔ **"New Registration"** ક્લીક કર્યાબાદ **"Register for Pre-Matric Scholarship and Post Matric Scholarship Scheme for SC Students for AY 2022-23"** પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ જરૂરી તમામ સૂચનાઓ વાચી "Undertaking" આપી "Continue" બટન પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ માંગવામાં આવેલ તમામ વિગતો સાવચેતીક પૂવર્ક ભરી "Register" બટન પર ક્લીક કરવાનું રહેશે.

➔ ત્યારબાદ જે નંબર પોર્ટલ દ્વારા જનરેટ થાય છે તેને સાચવીને રાખવાનો રહેશે અને આ નંબર જ્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવામાં આવે ત્યારે ઓનલાઇન નાખવાનો રહેશે. ઉક્ત યોજનાઓમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કેવી રીતે અરજી/દરખાસ્ત કરવાની છે તેની સમજ દર વર્ષે શાળા/કોલેજને જે પરીપત્ર મોકલવામાં આવે છે તેમા અલગથી આપવામાં આવશે.

વર્ષ: ૨૦૨૨-૨૩થી ઉક્ત દર્શાવેલ ૩ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીએ **National Scholarship Portal** પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે જેની તમામ વિદ્યાર્થીઓ / આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે. વધુ માહિતી માટે આચાર્યશ્રીઓએ જિલ્લાકક્ષાએથી મળેલ પરીપત્રમાં આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે તેમજ વિદ્યાર્થીઓએ જિલ્લાની નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર